Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# સત્યના પ્રયોગો અથવા આત્મકથા

**Dr.Kamleshkumar Ranchhodbhai.Patel**
Shri I.J.Patel B, Ed College, Mogri, Anand Assistant Professor, Mo: 9377473703
Email: shrikamlesh69@gmail.com

પ્રસ્તાવનામાં ગાંધી જણાવે છે. વાસ્તવિક રીતે આત્મકથા લખવાનો પ્રયાસ કરવાનો મારો હેતુ નથી. મારે તો આત્મકથાને બહાને સત્યના મેં જે પ્રયોગો કરેલાં છે તેની કથા લખવી છે. તેમાં મારૂં જીવન ઓતપ્રોત હોવાથી કથા એક જીવનવૃતાંત જેવી થઈ જશે. જેમ કે મારા જીવનમાં પ્રયોગો સિવાય બીજું કશું જ નથી, તેથી સાચું છે કે આ વાર્તા આત્મકથાનો આકાર લેશે. પરંતુ જો તેમાંથી પાને પાને મારા પ્રયોગો જ નીતરી આવે તો એ કથાને હું પોતાને નિર્દોશ ગણું."

**સત્યના પ્રયોગો અથવા આત્મકથા (ભાગ 1 અને 2 : 1927, 1929)** : મહાત્મા ગાંધીએ જન્મથી માંડીને પોતે એકાવન વરસના થયા ત્યાં સુધી (1869થી 1920 સુધીની) લખેલી જીવનકથા. આત્મકથા લખવી કે નહિ એવી મનમાં થોડી અવઢવ અને કામની વ્યસ્તતા છતાં કેટલાક અંતરંગ મિત્રોના આગ્રહને લીધે 'નવજીવન' સાપ્તાહિકમાં હપતે હપતે છપાયેલી આ કથા જોકે તેમના જીવનના અગત્યનાં છેલ્લાં 27 વર્ષોને આવરી નથી લેતી, તે છતાંય આ ગ્રંથ એની વસ્તુ, ભાષા, શૈલી અને નિરૂપણને કારણે માત્ર ગુજરાતી ભાષામાં જ નહિ પણ વિશ્વની સર્વ ભાષાઓમાં એક ઉત્તમ આત્મકથા તરીકે સ્થાન પામી શકે એમ છે. ફેબ્રુઆરી, 2006 સુધીમાં ગુજરાતીમાં એની 3,90,000 નકલો છપાઈ છે અને એક અંદાજ મુજબ વિશ્વની વીસેક જેટલી ભાષાઓમાં થયેલા એના અનુવાદોની કુલ 18,61,500થી વધુ અને એની સંક્ષિપ્ત આવૃત્તિની 8,83,000થી વધુ નકલો છપાઈ ચૂકી છે.

**રાષ્ટ્રપિતા ગાંધીજી**

આ ગ્રંથની મહત્તા મુખ્યત્વે એની પારદર્શિતાને લીધે છે. આ કથા ગાંધીજીએ જીવનમાં કરેલા પ્રયોગોની યથાતથ કહાણી છે. આ પ્રયોગો સત્યના છે અને લખતી વખતે જે સત્ય ગાંધીજી અનુભવે છે ત્યાંથી પરમ સત્ય – જેને વિશે તેમને ઊંડી શ્રદ્ધા છે – ત્યાં સુધી પહોંચવા સારુ કરેલા પ્રયાસોની આ કથા છે. પોતે સિદ્ધ હોવાનો તેમણે કદી દાવો કર્યો નથી. આ એક સાધકની એવી કથા છે, જેમાં તેણે પોતાના જીવનની કિતાબને દુનિયા આગળ ધરી દીધી છે. આને પરિણામે કોઈ સિદ્ધ મહાપુરુષે જીવનમાં મેળવેલી સિદ્ધિઓ કે તેમણે કરેલા કોઈ ચમત્કારોની આ કથા નથી; પણ પ્રતિક્ષણ જાગ્રત રહીને કરેલી સાધનાની કથા છે. તેના આ ગુણને લીધે આ ગ્રંથ તેના વાચકના મનમાં માત્ર અહોભાવ પેદા કરીને અટકી જતો નથી. આત્મકથા પોતાના જેવી જ કોઈ વ્યક્તિ સત્યનું લક્ષ્ય આંખ આગળ રાખી, અંતરાત્માને સાક્ષી રાખીને પ્રયાસ કરતી રહે તો જીવનમાં કેટલે સુધી પહોંચી શકે છે એનો નમૂનો પૂરો પાડી વાચકને એવો પુરુષાર્થ કરવાની પ્રેરણા આપે છે. 'સત્યના પ્રયોગો' સત્યની એક એક ટૂક સર કરતા પરમ સત્ય તરફ આગળ વધતા આરોહણની કથા છે.

ગાંધીજીને સત્યની પ્રતીતિ ગળથૂથીમાંથી છે. આપણને આપણા અસ્તિત્વ વિશે જેટલું ભાન હોય છે, તેવું ભાન ગાંધીજીને પોતે જેને 'સત્ય' તરીકે ઓળખે છે, તેને વિશે છે; પરંતુ આપણું અસ્તિત્વ એ પરમ અસ્તિત્વનો એક અંશ જ છે, એનું ભાન આપણામાંથી ઘણાને

નહિ હોય એટલું ભાન ગાંધીજીને એમનું સત્ય એ પરમ સત્યનો જ એક અંશ છે તે પરત્વે હતું. તેથી તેમનો સતત પ્રયાસ એ પરમ સત્યને પામવાનો છે અને આ પ્રયાસ ગ્રંથના આદિથી અંત સુધી પ્રતિબિંબિત થાય છે.

સત્યની ગાંધીજીની વ્યાખ્યા સરળ છે. 'જે વિચારો, તે ઉચ્ચારો; અને જે ઉચ્ચારો તે આચરો.' મન, વાણી અને કર્મની એકવાક્યતામાં એમને સત્ય લાધે છે. સત્યની આ સરળ વ્યાખ્યામાંથી જ એમની આત્મકથાની પારદર્શિતા પ્રગટે છે. ભાગ્યે જ બીજા કોઈ આત્મચરિત્રમાં આપણને આવી પારદર્શિતા જડશે.

આ પારદર્શિતા ગાંધીજી પાસે તેમની બધી અણઘડતા, મૂર્ખતા, ભીરુતા, વિષયાંધતાને નિ:સંકોચપણે અભિવ્યક્ત કરાવે છે, પરંતુ બીજાં કેટલાંક 'કન્ફેક્શન્સ'ની માફક ગાંધીજી તેમાં રાચતા નથી અને વાચકને રાચવા પ્રેરતા પણ નથી. મોટેભાગે પોતે કરેલી ભૂલમાં કોઈ ભાગીદાર હોય તો તેમના નામનો ઉલ્લેખ કરવાનું તેઓ ટાળે છે. એમને બીજાને હેઠા પાડવામાં રસ નથી, બલકે ઉપર ચડાવવામાં રસ છે. તેઓ પોતાની ભૂલનો રાઈનો પર્વત કરે છે અને એના વર્ણનમાં એ ભૂલ હિમાલય જેવી મહાન બની જાય છે. આ ભૂલો સ્વેચ્છાએ પ્રકાશિત થતી હોવાને લીધે હિમાલય જેવી ઉદાત્ત અને હિમાલય જેવી જ ઉજ્જ્વળ બની જાય છે !

ભૂલોથી ઉપર ઊઠવાની એમની પ્રક્રિયા પણ એમની સત્યની વ્યાખ્યા જેવી જ સરળ છે : મનમાંયે ભૂલ કરો તો તરત એને કબૂલ કરો, તેવી ભૂલ ફરી ન કરવાનો નિર્ણય કરો અને એ નિર્ણયને ચોકસાઈથી પાળો. આ પ્રક્રિયાને લીધે જ 'આત્મકથા'માં એમની એક ભૂલ ફરી થયેલી જડતી નથી. ભૂલસુધારની આ પ્રક્રિયા અત્યંત નમ્રતાથી અને પોતાને અહંકારથી વેગળા રાખીને તેઓ અમલમાં મૂકે છે. માટે તે મોટાઈના દેખાડા વિના સહજ ભાવે અને ઘણી વાર પશ્ચાત્તાપના ઝરણામાં ડૂબકી દઈને પુણ્યશાળી બની સ્વાભાવિક રીતે વ્યક્ત થઈ છે.

પોતાના સત્યને ગાંધીજી જ્યાં સુધી તે ખોટું પુરવાર ન થાય ત્યાં સુધી વળગી રહે છે, પરંતુ પોતાને જણાતું સત્ય એ પૂર્ણ સત્ય નથી એનું ભાન તેમને સતત રહે છે. બીજાનું સત્ય જોવા સારુ તેઓ મનને સદા મોકળું રાખે છે. એમાંથી જ અહિંસા જન્મી છે. સત્ય બીજે પક્ષે પણ હોય એ વાત જે માને છે તેણે અહિંસા સ્વીકારી. સત્ય સાધ્ય છે અને અહિંસા સાધન. ગાંધીજી ક્રમશ: એ બંનેમાં પણ અભેદ જોતા થઈ ગયા છે. તેથી તેમની સાધના સત્ય-અહિંસાના અદ્વૈતની બની જાય છે, જેને તેઓ સત્યાગ્રહ નામ આપે છે.

જીવનનાં વિવિધ પાસાંઓનો અભેદ તેમને રાજકારણમાં પણ આધ્યાત્મિક કે નૈતિક મૂલ્યો દાખલ કરવાના આગ્રહી બનાવે છે. એ અભેદને લીધે જ તેઓ નૈતિક દૃષ્ટિએ જેટલા શુદ્ધ બને છે એટલા જ રાજનૈતિક દૃષ્ટિએ શક્તિશાળી બને છે અને આત્મકથા લખતાં પહેલાં તેમણે પ્રત્યક્ષ રાજકારણથી જે નિવૃત્તિ સેવી હતી તે કાળ આત્મકથા લખ્યા પછીનાં વર્ષોમાં રાજનીતિમાં ફરી ઝંપલાવતી વખતે તેમને વધુ શક્તિશાળી રૂપે બહાર લાવે છે.

ગાંધીજીની સત્યની શોધ એમની લેખનશૈલીને ઢાળે છે. સત્યવચનનો આગ્રહ તેમને મિથ્યાવચનથી દૂર રાખે છે અને તેમાંથી જ તેઓ મિતભાષિતા સુધી જાય છે. આત્મકથાની તેમની શૈલીમાં લાઘવ એ ખાસ ધ્યાન ખેંચે તેવો ગુણ છે. લાઘવના આ ગુણ પાછળ એક બીજું પણ કારણ જણાઈ આવે છે. એમને જે કહેવું છે તેની પાછળ અનુભૂત સત્ય છે. તે તેમને એવો આત્મવિશ્વાસ આપે છે કે તેઓ ખૂબ ઓછા શબ્દોમાં પોતાના વિચાર કે મનોભાવ વ્યક્ત કરે છે. સત્ય એ જ પરમેશ્વર છે.

સત્યના પ્રયોગવીરની વૃત્તિ વિજ્ઞાનના પ્રયોગવીર જેવી છે. તેમણે નિયમસર, વિચારપૂર્વક, ઝીણવટથી આત્મનિરીક્ષણ કરી એકેએક ભાવને તપાસીને તેનું પૃથક્કરણ કર્યું છે. જે સમયે જે સત્ય તેમને લાધ્યું છે તે તેમણે વાચક આગળ ધરી દીધું છે, પણ પોતાના પ્રયોગો બાબત તેમણે મન હંમેશાં ખુલ્લું રાખ્યું છે.

માનવજાતને ગાંધીજીની ત્રણ મોટી દેણ છે : સત્યાગ્રહ, એકાદશવ્રત અને રચનાત્મક કામ. સત્ય પ્રત્યેની અપાર શ્રદ્ધા અને અન્યાય અનીતિ કે દમનનો અહિંસા વડે પ્રતિકાર કરવાની તેમની તીવ્ર ઉત્કંઠામાંથી તેમને સત્યાગ્રહ સાંપડ્યો છે. સત્ય-અહિંસાને માર્ગે ચાલતાં જે સ્વૈચ્છિક શિસ્ત રાખવાની તેમને જરૂર જણાઈ તેમાંથી તેમને એકાદશવ્રત મળ્યાં અને સત્ય-અહિંસામાં ભાવિ સમાજનો પાયો તેમને રચનાત્મક કાર્યક્રમમાં દેખાયો. આત્મકથા લખાઈ ત્યાં સુધીમાં ગાંધીજીને આ વસ્તુઓ તત્વ રૂપે મળી ચૂકી છે. સત્યાગ્રહ, એકાદશવ્રત અને રચનાત્મક કામના – મંગળ ત્રિકોણની અભિવ્યક્તિ આપણને આત્મકથામાં મળે છે.

ગાંધીજીએ જો ભારતીય સંસ્કારોનો વારસો ન લીધો હોત તો એમના જીવનમાં જે બે મહાન પ્રવાહો – ચિત્તશુદ્ધિ દ્વારા મુક્તિ અને અન્યાયના અહિંસક પ્રતિકાર દ્વારા મુક્તિના પ્રવાહો – નો જે સુભગ સંગમ જોવા મળે છે તે ન મળત. અંગ્રેજી આત્મકથાકારને એના જીવનના લક્ષ્ય સારૂ 'મોક્ષ' શબ્દ ક્યાંથી સૂઝત ? અને 'સત્યાગ્રહ' શબ્દ અંગ્રેજીમાં કેવા રૂપે પ્રગટ્યો હોત ? રવીન્દ્રનાથ ઠાકુરને નોબેલ પારિતોષિક ભલે અંગ્રેજી ગીતાંજલિ પર મળ્યું હોય, પણ એ ગીતોની અંજલિ મૂળ તો તેમણે માતૃભાષા બાંગ્લામાં જ આપી હતી. હેન્રિક યોહાન ઇબ્સને, એની માતૃભાષા ભલે અંગ્રેજી કરતાં ઓછા લોકો બોલતા હોય, પણ એનાં જગપ્રસિદ્ધ નાટકો તો માતૃભાષા નૉર્વેજિયનમાં જ લખેલાં. એવું જ જગતના લગભગ તમામ મહાન લેખકો વિશે કહી શકાય એમ છે.

ગાંધીજીએ આત્મકથા ગુજરાતીમાં ન લખી હોત તો ગુજરાતી ભાષા એક મહાન ગ્રંથથી જ નહિ, પણ કદાચ વિશ્વસાહિત્યની કક્ષાએ ચડવાથી જ વંચિત રહી ગઈ હોત. 'શું શાં પૈસા ચાર'નું મહેણું ખરેખર તો ગાંધીજીની આત્મકથાએ જ ફેડ્યું છે. પણ બીજી બાજુ ગાંધીજીએ આત્મકથા ગુજરાતીમાં ન લખી હોત તો એ ગ્રંથ વેદ, ઉપનિષદ અને ગીતા, કબીર, તુલસી અને સુરદાસના ભારતીય તથા નરસિંહ-મીરાથી માંડીને શામળ અને નિષ્કુળાનંદ સુધીના ગુજરાતી સંસ્કાર-વારસાથી વંચિત રહી ગઈ હોત એ પણ એટલું જ સાચું છે. આમ ગાંધીજીએ ગુજરાતી ભાષાને આત્મકથા દ્વારા વિશ્વસાહિત્યમાં મહિમામંડિત સ્થાન અપાવ્યું છે એ વિધાન જેટલું સાચું છે, એટલું જ એ વિધાન પણ સાચું છે કે ગુજરાતી ભાષાએ ગાંધીજીને પોતાનો સમૃદ્ધ વારસો આપ્યો છે. આત્મકથામાં એક તરફથી ચિત્તશુદ્ધિ દ્વારા આત્મદર્શનનો અને બીજી તરફથી અન્યાયના અહિંસક પ્રતિકાર દ્વારા ક્રાંતિની ધારાનો અપૂર્વ સંગમ જોવા મળે છે.

આત્મકથા વિશે એક ટીકા એવી છે કે સામાન્ય જીવનમાં ગાંધીજી જેટલા વિનોદી હતા, તેવો વિનોદ આત્મકથામાં દેખાતો નથી. આ ટીકા સાચી છે. પણ એનાં કારણો એ નથી કે ગાંધીજીએ આ ગ્રંથ વિષાદભરી મનઃસ્થિતિમાં લખ્યો છે અથવા ગાંધીજીનો આગવો વિનોદ અંગ્રેજી ભાષાન્તરમાં ગુમ થઈ ગયો છે. ગાંધીજી લોકોને પ્રત્યક્ષ મુલાકાતો આપે તે વખતે અથવા કોઈની સાથેના વાર્તાલાપમાં એમનો વિનોદ ખીલી ઊઠતો. આત્મકથા હપતે હપતે 'નવજીવન'માં છપાઈ છે. એ લખતી વખતે ગાંધીજીની નજર સમક્ષ 'નવજીવન'ના સરેરાશ વાચકો હશે. તેથી તેમને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલું લખાણ એટલું વિનોદભર્યું ન પણ હોય. એમના સંવાદો કે મુલાકાતના

અહેવાલો જોઈએ ત્યારે એમનો વિનોદ વધુ સ્પષ્ટપણે ખ્યાલમાં આવે એમ બને.

**સંદર્ભ સૂચિ**


1. દેસાઈ નારણભાઈ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ દ્વારા સૌ પ્રથમ ૧૯૨૭માં આ પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું હતું.
2. Spiritual books of the century". USA Today. 2 December 1999.
3. Malinar, Angelika (2019). "Chapter 30 : Mohandas Karamchand Gandhi: [An Autobiography or The Story of My Experiments with Truth]". In Wagner-Egelhaaf, Martina (ed.). Handbook of Autobiography / Autofiction. De Gruyter Handbook. Berlin, Boston: De Gruyter. pp. 1703–1718. Doi: 10.1515/9783110279818-141. ISBN 978-3-11-038148-1.
4. Mehta, Chandrakant (1992). "Satyana Prayogo Athva Atmakatha". માં Lal, Mohan (સંપાદક). Encyclopaedia of Indian Literature: Sasay to Zorgot. New Delhi: Sahitya Akademi. પૃષ્ઠ 3869. ISBN 978-81-260-1221-3.